સારાં પુસ્તકો વિનાનું ઘર સ્મશાન જેવું છે
- વિવેકાનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૮૫ | ૪ જૂન ૨૦૧૨, સોમવાર, જ્યેષ્ઠ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# ગાંધીનગરમાં મોડી સાંજે વરસાદી ઝાપટુ

ગાંધીનગર, તા. ૩
દિવસભરના ભારે ઉકળાટ બાદ મોડી સાંજે ગાંધીનગરમાં વરસાદી ઝાપટુ પડ્યુ હતુ. વરસાદનું આગમન થતા ગાંધીનગરાઓ ખુશ થઈ ગયા હતા.

ચોમાસાની ગતિવિધિઓ તેજ બનતા છેલ્લા બે દિવસથી વાદળો બંધાવવાનુ શરૂ થયું હતું. તે પછી આજે દિવસભર ભારે ઉકળાટ રહ્યા બાદ વરસાદનું આગમન થયું હતું. મોડી સાંજથી જ આકાશમાં વાદળો બંધાવવાના શરૂ થયા હતા. સૂર્યાસ્ત બાદ પવન શરૂ થયો હતો અને વાતાવરણમાં ધીમે ધીમે પરિવર્તન આવતુ ગયું હતું. તે પછી પવન સાથે જ ધીમે ધીમે વરસાદ શરૂ



થયો હતો. વરસાદ શરૂ થતાં જ ભીની માટીની મહેક બધે જ પ્રસરી ગઈ હતી. થોડીક જ વારમાં માર્ગો ભીના થઈ ગયા હતા. તે પછી વરસાદ વધ્યો હતો અને વાહનચાલકોને રસ્તામાં જ રોકાઈ જવુ પડ્યું હતું. આજે રવિવારનો દિવસ હોવાથી ઘણા વસાહતીઓ બજારમાં અને અન્ય સ્થળોએ ફરવા નીકળ્યા હતા. અચાનક જ વરસાદ શરૂ થતાં બહાર નીકળેલા સૌ પલળી ગયા હતા. ગરમીથી રાહત મેળવવા ઘણા યુવાનો અને બાળકો વરસાદમાં નાહ્યા હતા. લગભગ પંદર મિનિટ સુધી સારો એવો વરસાદ પડતા વાતાવરમમાં ઠંડક થઈ ગઈ હતી.

# શાળા પ્રવેશોત્સવના પ્રારંભે મુખ્યમંત્રી બાયસેગની મદદથી બાળકોને સંબોધશે

## પ્રવેશોત્સવ માટે જિલ્લામાં ૩૨ રૂટ નિયત કરાયા : ૮ અધિકારીઓ અને ૩ થી વધુ પદાધિકારીઓ જોડાશે : વર્ગખંડોનું લોકાર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૩
શાળા પ્રવેશોત્સવના પ્રથમ જ દિવસે રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી બાયસેગની મદદથી રાજ્યભરમાં પ્રવેશ મેળવવા બાળકોને આવકાર આપતુ પ્રવચન આપશે. આ માટેનું આયોજન એકાદ દિવસમાં આખરી કરી દેવાશે.



ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ માટે ૩૨ જેટલા રૂટ નિયત કરવામાં આવ્યા છે જ્યારે આ મહત્વની ઝુંબેશમાં રાજ્યકક્ષાના ૮ ઉચ્ચ અધિકારીઓ અને ત્રણ થી વધુ પદાધિકારીઓ જોડાશે.

આગામી ૧૪મી થી ૧૬ જૂન દરમ્યાન જિલ્લામાં યોજાનારા પ્રવેશોત્સવના કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યું છે અને શિક્ષણતંત્ર આ અંગે


● અનુસંધાન પાન-૭ પર






આરાધના વિદ્યાવિહાર
સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૨૩૨૧૦૪૮૬
વર્ષ-૨૦૧૨-૧૩
જૂન-૨૦૧૨થી પ્રવેશ મેળવવા અંગે
અંગ્રેજી માધ્યમ : નર્સરી, કે.જી. અને પ્રાયમરીમાં ગુણવત્તાના ધોરણે પ્રવેશ મેળવી લેવો
ગુજરાતી માધ્યમ
પ્રાયમરી વિભાગ : ધો. ૧ થી ૮
માધ્યમિક વિભાગ : ધો. ૯ થી ૧૦
ઉ. મા. વિભાગ : ધો. ૧૧ અને ૧૨
આર્ટ્સ, કોમર્સ અને સાયન્સમાં ગુણવત્તાના ધોરણે પ્રવેશ ચાલુ છે
P.T.C./B.Ed. ભાઈઓ તથા બહેનો
પ્રવેશની કાર્યવાહી ચાલુ છે
એડમિશન માટે પ્રિન્સીપાલ / કાર્યાલયનો સંપર્ક કરવો.
સમય : સવારે ૮-૦૦ થી ૧૧-૩૦
- પ્રિન્સીપાલ

